# <u>૨૦૬૦ની સ્કૂલ</u>

**સંકલનઃ ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ**

ઇ.સ. ૨૦૦૦ની સાલ પછી મોબાઇલે દુનિયાને ઘણા બધા પરિવર્તનો આપી દીધા છે.મોબાઇલમાં આખી દુનિયાનું જ્ઞાન આવી જાય છે. “કર લો દુનિયા મુઠીમાં મે“ ૨૧મી સદી ની ૨૦૨૨ની સાલ જો આવી હોય તો ૨૦૬૦ની સાલ કેવી હશે? ૨૦૬૦માં શાળાઓ કેવી હશે? તેની કલ્પના કરતાં રૂંવાડાં ઊભા થઇ જાય છે.

ઇ.સ.૨૦૬૦માં ગુજરાત રાજયને સો વરસ થશે. અત્યારે આ વાંચનારા આમાંથી કેટલા ત્યારે હયાત હશે એ તો રામ જાણે! પરંતુ ૨૦૬૦નું શિક્ષણ કેવું હશે? શિક્ષકો અને શાળાઓ હશે કે કેમ?

જો આપણી વેદકાલીન શિક્ષણ પ્રણાલીમાંથી વેદ અને ઉપનિષદોની સાયન્ટિફિક રીતે રજૂઆત આપણે કરી શકયા તો ૨૦૬૦માં સમગ્ર વિશ્વફરી એકવાર ભારતના શિક્ષણને સલામ ભરશે. પરંતુ આપણે તો વિશ્વની શિક્ષણ પદ્ધતિઓથી અંજાઇને આંધળા અનુકરણમાં અટવાયા છીએ. આ “જો અને તો” મને હિમાલય જેવા લાગે છે. ૨૦૬૦માં કદાચ સ્કૂલની બહુ જરૂર નહી હોય. મેથ્સ હેલ્પલાઇન નંબર, સાયન્સ હેલ્પનાઇન નંબર, આવા દરેક વિષયોના હેલ્પલાઇનનાં કોલ સેન્ટર્સ હશે. જયાં શિક્ષકો તમને મૂંઝવતા સવાલોના જવાબ આપશે અને તમારે તેને ગૂગલ પેથી તેનું ભાડું ચૂકવવું પડશે.શ્રીમંતોનાં સંતાનો ઘરે મોંઘાદાટ પર્સનલ ટ્યૂશન રખાવશે. જોકે, ફીમેલ ટીચર્સ ટ્યૂશનમાં ગનવાળા સિકયુરીટી ગાર્ડ લઇને જ આવશે, કારણકે સોશિયલ મીડિયાના અતિરેકને લીધે ૨૦૬૦માં કોઇ બાળક જ નહી હોય. માત્ર ઉંમરથી નાના યુવાનો હશે. સમજી ગયાં ને... !

જે પરિવારો પાસે હાઇસ્પીડ ઇન્ટરનેટ નહી હોય એ પરિવારના બિચાડાં બાળકો સ્કૂલે જતાં હશે. દરેક મમ્મી – પપ્પાને પોતાની પર્સનલ યૂ ટ્યૂબ ચેનલ અથવા O.T.T. પ્લેટફોર્મ હશે, જયાં પોતાનાં બાળકને ભણાવનાર પ્રત્યેક શિક્ષકનો વર્ગખંડ લાઇવ કેમેરામાં રેકોર્ડ થતો હશે. વધુ પડતા હોમવર્ક આપવા બદલ શિક્ષકો પર કોર્ટ કેસ દાખલ થતાં હશે; અને આવાં બધાં કારણોસર ૨૦૬૦માં શિક્ષક બનવા કોઇ તૈયાર જ નહી હોય. કેટલીક સ્કૂલોમાંથી પાંચમા – સાતમા ધોરણનાં બાળકો ભાગીને લગ્ન કરી લેશે. જો કોઇ તેને ફોર્સફુલી રોકવાની કોશિશ કરશે તો એ ન્યૂ મેરિડ ચાઇલ્ડ કપલ; યા તો પરિવાર ઉપર પોતાની પર્સનલ ગનથી ગોળીબાર કરશે અથવા તો બંનેનાં માતા – પિતા પર કોર્ટ કેસ કરશે.

વિશ્વમાં થતાં અલગ અલગ ફ્રોડ અને ક્રાઇમના કોચિંગ કલાસ શરૂ થશે. ઉદાહરણ તરીકે “વ્હાઇટ કોલર ક્રાઇમ કોચિંગ” , બેંક સાથે ફ્રોડ શીખવાના કલાસ”, “સંબંધોમાં છેતરપિંડી કરતા પંદર દિવસમાં શીખો. યુનિવર્સિટીથી માન્યતા પ્રાપ્ત કલાસીસનો રાફડો ફાતશે. વિશ્વમાં બોલાતા અપશબ્દોની ડિકશનરી દરેક વિદ્યાર્થી પાસે હશે, જેથી વર્લ્ડના કોઇ પણ દેશના ફેસબુક ફ્રેન્ડ સાથે ઝઘડો થાય તો કામ લાગે. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલો અને તેની શિક્ષણ પ્રણાલીનો પ્રભાવ જો અગામી ૪૦ વરસમાં યથાવત રહ્યો તો ૨૦૬૦માં માતૃભાષામાં વાત કરવા બદલ ગુનો દાખલ થશે.ગુજરાતી ગીત ગાનારા પર **F.I.R**. નોંધાશે. ભાષાના શિક્ષકો પર આતંકવાદી હુમલાઓ થશે. લવ જેહાદની જેમ “લેંગ્વેજ જેહાદ” શરૂ થશે. ઓપન સ્કૂલિંગ તરફ વધતો જતો માતા – પિતાનો મોહ અને પ્રવાહથી જુદો પાડીને પોતાનાં સંતાનને કલાસીસ દ્વારા ભણાવી દેવાનો ચસ્કો અમુક વાલીઓમાં વધી રહ્યો છે તે ૨૦૬૦માં તો ચરમસીમાએ હશે. મારૂં બાળક બીજા કરતાં વધુ ઇન્ટેલિજન્ટ છે. તેને કોઇ શાળાની જરૂર નથી આવું ઘરે ઘરે વિચારનારા હશે.

શાળાની અંદર માત્ર વિષયોનું શિક્ષણ જ નથી મળતું, પરંતુ અલગ અલગ માનસિકતા અને જ્ઞાતિના મિત્રો મળે છે. સહવાસ અને સહજીવનનો અદ્‌ભુત અનુભવ મળે છે તે કલાસીસના બાળકને કયાંથી મળશેં વળી પોતે સ્પેશ્યલ છે એવું ૨૦૨૨માં જે ફીલ કરતો હશે તે બાળકનો ઇગો ૨૦૬૦માં તો સાતમા આસમાને નહી હોય? એ શા માટે કોઇ શિક્ષકને ૨૦૬૦માં રિસ્પેકટ આપશે? એને કોઇની જરૂર જ નહી હોય! આ વાંચતી વખતે કદાચ કોઇને કમકમાટી છૂટી હશે. લખતી વખતે મને પણ લખલખું આવી ગયું છે.મને જયોતિષની જેમ આગાહીઓ કરવાનો અનુભવ નથી અને શોખ પણ નથી..... હું હૃદયથી ઇચ્છું છું કે ઉપર લખેલી તમામ આગાહીઓ ખોટી ઠરે. જો આપણે ૨૦૨૨થી ૨030 સુધીમાં ભગવદ્‌ગીતાને શિક્ષણનો ભાગ બનાવી શકીશું. જો ઉપનિષદની વાર્તાઓ ઉપરની વિડીયોગેમ અને VFXવાળી, Kids Oriented ફિલ્મો બનાવી શકીશું. “વેદ વચન” એ કોઇ પણ ધર્મની વ્યકિત માટે ઉત્તમ જીવનશૈલી જીવવાની આચાર સંહિતા સાબિત કરી શકીશું. માહિતી અને જ્ઞાનનો તફાવત જે લાખો વર્ષો પહેલાં ભારતના ઋષિઓએ સાર્થક કર્યો હતો તેનો જગતને સ્પર્શ કરાવી શકીશું. માત્ર ભવ્ય ભૂતકાળના મહિમા જ્ઞાનથી વિશ્વના વિદ્યાર્થીઓને આકર્ષી નહી શકાય. એક હાથમાં યજ્ઞનું સમિધ અને બીજા હાથમાં લેપટોપનો યૂઝ કરતા અને બંનેનું સન્માન કરતા આપણે શીખવું પડશે.. ધર્મ સાથેનું વિજ્ઞાન અને વિજ્ઞાનનો સાચો ધર્મ એ જ ૨૦૬૦ની કેળવણીનું એકમાત્ર લક્ષ્ય રાખવું પડશે. આપણી કેટલીક પરંપરાઓ અને રિવાજોનું લોજિક અને સાયન્સ આપણે સંશોધિત કરવું પડશે. તેમના તરફ સુગ રાખ્યા વગર તેનું વિશ્વ કક્ષાએ બ્રાન્ડિંગ કરવું પડશે

ઇ.સ.૨૦૨૨ માં જાગીશું તો જ ૨૦૬૦માં ભારતને ભારત રાખી શકીશું. બાકી વિદેશ તરફ મીટ માંડીને વિઝાની રાહ જોનારાં એકસપર્ટ લોકો જ દેશમાં વધશે. માત્ર ચામડીથી ભારતીય હોઇશું બાકી આપણાં વિચાર – વાણી અને વર્તનમાં કયાંય ભારત પડઘાશે નહી! યાદ રાખજો સમાજમાં શિક્ષણ દ્વારા જ ક્રાંતિ આવશે. સરકારો ચલિત છે જયારે શિક્ષણ અને સંવેદના અચલ છે. ભારતના વર્ગખંડમાં ૨૦૨૨ માં શીખવવામાં આવે છે તેના પર નિર્ભર છે કે ૨૦૬૦માં ભારત કયાં હશે? કેળવણી ધારે તો પ્રજામાં મહાસત્તા બનવાનો પવન પણ ફૂંકી શકે! અને એ જ કેળવણી પંગુ બને તો પ્રજાને “મહાગુલામ” પણ બનાવી શકે.મા ભારતીયને પરમ વૈભવના શિખર પર જોવાનું જે કોઇને પણ સ્વપ્ન આવતું હોય એ તમામે રાષ્ટ્રની ધરોહર શિક્ષણ વ્યવસ્થાને સલામત રાખવાની જરૂર છે.કેળવણીનાં ઋષી સમાન શિક્ષકોને સર્જનશીલ શિક્ષકને રક્ષણ સાથે સન્માન આપો..

તારીખઃ ૩-૩-૨૦૨૩, શુક્રવાર
**ધોરણ ૧૦ અને ૧૨ (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ કોમર્સ)**
**ના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓનો**
**વિદાય શુભેચ્છા સમારંભ**
**અને**

# નારાયણ ધ્વનિ

ગુજરાતી માધ્યમ અંક : ૩૦ અંગ્રેજી માધ્યમ અંક : ૬/૩૧ અને
જ્ઞાનસત્ર વિશેષ અંક : ૩૨ની વિમોચન વિધિ સમારોહ

**● મુખ્ય મહેમાનશ્રીઓ ●**
**ડૉ. સુનીલભાઈ ભટ્ટ**
(H.R., GFL, Co., & પ્રમુખશ્રી, દહેજ ઈન્ડસ્ટ્રીયલ એસોશિએશન)
●
**મા. શ્રી પીનાકીનભાઈ શાહ**
(ડાયરેકટરશ્રી, રવિરત્ન મોટર્સ)



**પરિવર્તનનો પવન ફૂંકાયો છે,**
**તો આપણે આપણા બાળક સાથે કદમ મીલાવીએ,**
**પરિપકવ માતા-પિતા બનીને, તેની મુશ્કેલીઓ સમજીએ,**
**તેનામાં છુપાયેલા જીનીયસને શોધી કાઢીએ.**

**નારાયણ ધ્વનિ**
**અંક- ૩૦ વર્ષ : ૨૦૨૨-૨૩**

| | |
|---|---|
| માહિતનું સંકલન | : કંચનબેન, નયનાબેન, કુસુમબેન, ધ્રુતિબેન, ઉન્નતિબેન, રજનીબેન, યોગીનીબેન |
| કોમ્પ્યૂર ટાઈપીંગ | : દિપીકાબેન, મયુરીબેન, સોનલબેન, રેશ્માબેન, પૂર્વાબેન |
| ફોટોગ્રાફી | : જીજ્ઞેશભાઈ, પરેશભાઈ, કૌશિકભાઈ, એલ. ડી. ભારદ્વાજ |
| ગોઠવણી | : બિનિતાબેન, કૌશિકભાઈ, જીજ્ઞેશભાઈ, કંચનબેન, ઉન્નતિબેન, વિદ્યાબેન |
| મુખ્ય કન્વીનર | : બિનિતાબેન ગોહિલ (ઇ.આચાર્ય), કંચનબેન પરમાર (સુપ.) |
| આયોજક અને માર્ગદર્શક | : ડૉ. ભગુભાઈ આઇ. પ્રજાપતિ |

**તળેટી પર ભીડ છે, શિખર પર નહીં,**
**માટે શિખર પર પહોંચવાની તૈયારી રાખો.**